જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૪/૨૦૨૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૦૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ, ૭૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૦૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## લુંટઃ- સમાચાર યાદી નં.૬૦૮/૨૦૨૩

**મણીનગરઃ** જીવણભાઈ શંકરલાલજી જોષી (ઉ.વ.૫૪)(રહે.જાનકીદાસની વાડી મહિપતરામ આશ્રમ સામે સારંગપુર કોટની રાંગ કાગડાપીઠ) તા.૧૦/૦૪/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે મણિનગર આર.આર.એસ ભવન સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ચાલક તેમનો પીછો કરતો હોય એવુ લાગતા જીવણભાઈએ પોતાનુ એક્ટીવા ઉભુ રાખી કેમ પીછો કરો છો તેમ કહેતા એક્ટીવા ચાલકે ઉશ્કેરાઈ જઈ જીવણભાઇને ગડદા-પાટુ તેમજ લોખંડના પંપ વડે માથામાં ઈજાઓ કરી, જીવણભાઇના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- અને શર્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૫,૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ જીવણભાઈ જોષીએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૦૯/૨૦૨૩**

**ઓઢવઃ** કૌશીક પ્રવિણભાઇ ઠકકર (ઉ.વ.૩ર)(રહે.શ્રીધર ફ્લોરા, અમરજવાન સર્કલ પાસે, નિકોલ) તા.૧૧/૦૪/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ સીંગરવા બસ સ્ટોપ નજીકથી પોતાની કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ચાલકે કાર પાછળ આવી મોટર સાયકલ અથડાવતા કૌશીક ઠક્કરે કાર ઉભી રાખતા મોટર સાયકલ ચાલક કાર નજીક આવી કૌશીક ઠક્કરને વાતોમાં વ્યસ્ત રાખ્યા હતા દરમ્યાન અન્ય એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ કૌશીક ઠક્કરની નજર ચુકવી કારમાંથી બેગ ચોરી કરી લઈ નાસી ગયા હતા. બેગમાં રોકડ રૂપિયા ૮,૦૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ કૌશીક ઠક્કરે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.પી.પ્રજાપતિ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૧૦/૨૦૨૩**

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** નિરંજનભાઇ પરષોત્તમભાઇ સોલંકી (ઉ.વ.૫૫)(રહે.બાલકૃષ્ણ કોલોની, સારથી એપાર્ટમેન્ટ પાસે, જશોદાનગર) તા.૧૧/૦૪/૨૦૨૩ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી ફેજ-૦૧ ખાતે આવેલ “ટાઇગર સર્જીકલ કંપની” સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી નિરંજનભાઇના મોટર સાયકલને ટક્કર મારતા, નિરંજંભાઈ સોલંકીને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિધ્ધીવિનાયક હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મરણ જનાર નિરંજનભાઇ સોલંકીના પુત્ર દિક્ષીત સોલંકીએ “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૧૧/૨૦૨૩**

**નરોડાઃ** કાંતિભાઇ છગનભાઇ પટેલ (ઉ.વ.૫ર)(રહે.તક્ષશીલા રેસીડન્સી, નરોડા સ્મશાન સામે નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૪/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી